અરજી નં.૩૬૮ તા.૨૬–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી કતારગામ ઝોનમાં ચાલતાં ખાણીપીણીની લારીઓ રેસ્ટોરન્ટોમાં વપરાતા બટરની ચેકીંગ થાય છે. જેમાં પામોલિન બટરના વપરાશની ચેકીંગ અંગે મુદ્દા નં.૧ થી પની માહિતી આપવા બાબત

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૮/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી કતારગામ ઝોનમાં ચાલતાં ખાણીપીણીની લારીઓ રેસ્ટોરન્ટોમાં વપરાતા બટરની ચેકીંગ થાય છે. જેમાં પામોલિન બટરના વપરાશની ચેકીંગ અંગે મુદ્દા નં.૧ થી પની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીના જાવક નં.પીએચડી/ફુડ/૨૦૮૪ તા.૨૦–૨–૦૯ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ/૧૧૬૯ તા.૭–૩–૦૯ થી જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) અને ડે.કમિશ્નર (એ. અને હો.) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક વિગતો મોકલવામાં આવેલ નથી. તે જ રીતે અપીલ પશ્ચાત અરજદારને પણ તા.૭–૩–૦૯ ના પત્રથી તેમની અપીલમાં કરેલ " ગોળ ગોળ જવાબ આપી માથાનો ભાર ઉતારેલ હોવાના" આક્ષેપ બાબતે દાવાના સમર્થનમાં આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ પરંતુ એવી કોઈ વિગતો અરજદારે પણ રજુ કરેલ નથી.

અરજદારે તેની મુળ અરજીથી મુદ્દા નં.૧ માં કતારગામ ઝોનમાં વડાપાઉ, પાઉભાજી, આમલેટ, ચાઈનીસની લારી પર પામોલીન બટરની ચેંકીગ કરી છે ખરી? તે અંગે જાહેર માહિતી અધિકારી તેમના પત્ર નં.પીએચડી/ફુડ/૨૦૮૪ તા.૨૦–૨–૦૯ થી હકારાત્મક જવાબ આપેલ છે. મુદ્દા નં. ૨ માં અરજદારે પામોલીન બટર કયાં બને છે અને કોણ આપી જાય છે તેની તપાસ કરવા જણાવેલ છે. કોઈ માહિતી માંગેલ નથી. તથા મુદ્દા નં.૩ માં અરજદારે પામોલીન બટરનું કારખાનું ચાલતું હોવાની ધારણા વ્યકત કરેલ છે. અને મુદ્દા નં.૪ માં આવા વેચનારાઓના નામ સરનામાં શોધવા જણાવેલ છે. જે ત્રણેય બાબતે જાહેર માહિતી અધિકારીએ જરૂરી તપાસ કરવામાં આવશે એવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.પ અંગે રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની લારીઓનું ચેકીંગ મહિનામાં કેટલી વખત થાય છે તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયમિત ચેકીંગ કરવામાં આવે છે એવું જણાવેલ છે. પરંતુ રીપોર્ટ આપ્યાનું જણાતું નથી. કાયદાની કલમ–૪(૧) (બી) ની જોગવાઈ હેઠળ આ પ્રકારની મુદ્દા નં.પ ની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ થઈ શકે. આમ અરજદારે મુળ અરજીના ક્રમ નં.૨,૩ અને ૪ થી કોઈ માહિતી માંગેલ નથી. પરંતુ તપાસ કરવા અને શોધાવા રજુઆત કરેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ સાથે સુસંગત નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી મદ્દા નં.પ મહિનામાં કેટલીવાર ચેકીંગ થાય છે તેની માહિતી તથા રીપોર્ટ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ ન હોય સદર માહિતી કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર (હે. અને હો.) આરોગ્યને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ડે.કમિશ્નર (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,